Tuesday
11.06.2024
*Volume :8 * Issue No.321
*Email.:kamalamgujarat@gmail.com
* www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,
*Managing Editor: Arjun Sondarva

* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-



# નવી સરકારનો પ્રથમ નિર્ણય ખેડૂત કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે

## અમારી સરકાર કિસાન કલ્યાણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. તેથી તે યોગ્ય છે કે કાર્યભાર સંભાળતા જ સૌ પ્રથમ ફાઇલ ખેડૂત કલ્યાણ સાથે સંબંધિત હોયઃ પ્રધાનમંત્રી

**પ્રધાનમંત્રી દ્વારા હસ્તાક્ષર કરાયેલી પ્રથમ ફાઇલ પીએમ કિસાન નિધિના રિલીઝ સાથે સંબંધિત છે**

ત્રીજી વખત પ્રધાનમંત્રી પદના શપથ લીધા બાદ, પ્રધાનમંત્રી મોદીએ પીએમ કિસાન નિધિના ૧૭મા હપ્તાને અધિકૃત કરતી તેમની પ્રથમ ફાઈલ પર હસ્તાક્ષર કર્યા. તેનાથી ૯.૩ કરોડ ખેડૂતોને ફાયદો થશે અને લગભગ ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનું વિતરણ કરાશે. ફાઈલ પર હસ્તાક્ષર કર્યા પછી પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, ''અમારી સરકાર કિસાન કલ્યાણ માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. તેથી તે યોગ્ય છે કે ચાર્જ સંભાળ્યા પછી સહી કરવા માટેની સૌ પ્રથમ ફાઈલ ખેડૂત કલ્યાણ સાથે સંબંધિત હોય. અમે આવનારા સમયમાં ખેડૂતો અને કૃષિ ક્ષેત્ર માટે વધુ કામ કરતા રહેવા માંગીએ છીએ.''

## અમે આવનારા સમયમાં ખેડૂતો અને કૃષિ ક્ષેત્ર માટે વધુ કામ કરતા રહેવા માંગીએ છીએઃ પ્રધાનમંત્રી

# પીએમ શ્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી કાર્યાલયનો કાર્યભાર સંભાળ્યો

નવી દિલ્હી, તા. ૧૦

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સોમવારે સવારે પ્રધાનમંત્રી કાર્યાલયનો હવાલો સંભાળી લીધો છે. પ્રધાનમંત્રી કાર્યાલયનાં અધિકારીઓ અને કર્મચારીઓને સંબોધન કરતાં શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પીએમઓ શરૂઆતથી જ પ્રધાનમંત્રી કાર્યાલયને સેવાની સંસ્થા અને લોક પ્રધાનમંત્રી કાર્યાલય બનાવવાનો પ્રયાસ રહ્યો છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, "અમે પીએમઓને ઉત્પ્રેરક એજન્ટ તરીકે વિકસિત કરવાનો પ્રયાસ કર્યો છે, જે નવી ઉર્જા અને પ્રેરણાનો સ્ત્રોત બને છે." પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, સરકારનો અર્થ તાકાત, સમર્પણ અને સંકલ્પની નવી ઊર્જા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, પ્રધાનમંત્રી કાર્યાલય (પીએમઓ) સમર્પણ સાથે લોકોની સેવા કરવા માટે પ્રેરિત છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરકાર એકલા મોદી જ નથી ચલાવતા, પરંતુ હજારો દિમાગ સાથે મળીને જવાબદારીઓ ઉપાડે છે અને તેના પરિણામે નાગરિકો જ તેની ક્ષમતાઓની ભવ્યતાના સાક્ષી બને છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમની ટીમ સાથે સંબંધિત લોકો પાસે સમયનાં કોઈ અવરોધ, વિચારની મર્યાદા કે પ્રયાસ માટે કોઈ નિશ્ચિત માપદંડો નથી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "સમગ્ર દેશને આ ટીમમાં વિશ્વાસ છે." પ્રધાનમંત્રીએ તેમની ટીમમાં સામેલ લોકોનો આભાર માનવાની તક ઝડપી લીધી હતી અને આગામી ૫ વર્ષ માટે વિકસિત ભારતની યાત્રામાં સામેલ થવા ઈચ્છતાં અને પોતાની જાતને રાષ્ટ્રનિર્માણ માટે સમર્પિત કરવા ઈચ્છતા લોકોને પણ અભિનંદન આપ્યાં હતાં. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આપણે સૌ સાથે મળીને વિકસીત ભારત ૨૦૪૭નાં એક ઈરાદા સાથે 'રાષ્ટ્ર પ્રથમ'નાં લક્ષ્યાંકને હાંસલ કરીશું. તેમણે એ વાતનો પણ પુનરોચ્ચાર કર્યો હતો કે, તેમની દરેક પળ દેશની છે. પ્રધાનમંત્રી મોદીએ સમજાવ્યું કે ઇચ્છા અને



સ્થિરતાનો સમન્વય નિશ્ચય માટે બનાવે છે જ્યારે સફળતા ત્યારે પ્રાપ્ત થાય છે જ્યારે દ્રઢ નિશ્ચયને સખત મહેનત દ્વારા પૂરક બનાવવામાં આવે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, જો કોઈની ઈચ્છા સ્થિર હોય તો તે સંકલ્પનું સ્વરૂપ ધારણ કરે છે જ્યારે સતત નવા રૂપ ધારણ કરતી ઈચ્છા માત્ર એક લહેર છે. પ્રધાનમંત્રીએ દેશને નવી ઊંચાઈઓ પર લઈ જવાની ઈચ્છા વ્યકત કરી હતી અને તેમની ટીમને ભવિષ્યમાં છેલ્લાં ૧૦ વર્ષ માટે કરવામાં આવેલા કાર્યોને પાછળ છોડીને વૈશ્વિક માપદંડોને તોડવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. શ્રી મોદીએ કહ્યું હતું કે, "આપણે દેશને એવી ઊંચાઈએ લઈ જવું જોઈએ, જે અન્ય કોઈ પણ દેશે હાંસલ ન કરી હોય." પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સફળતાની પૂર્વજરૂરિયાતો એ વિચારની સ્પષ્ટતા, વિશ્વાસ અને કાર્ય કરવા માટેના પાત્રમાં વિશ્વાસ છે. તેમણે ઉમેર્યું હતું કે, "જો આપણી પાસે આ ત્રણ વસ્તુઓ છે, તો હું નથી માનતો કે નિષ્ફળતા ક્યાંય નજીક હશે." પ્રધાનમંત્રીએ પોતાને એક વિઝનને સમર્પિત કરનાર ભારત સરકારનાં કર્મચારીઓને શ્રેય આપ્યો હતો અને કહ્યું હતું કે, તેઓ સરકારની ઉપલબ્ધિઓમાં મોટો હિસ્સો મેળવવાને લાયક છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, "આ ચૂંટણીઓએ સરકારી કર્મચારીઓના પ્રયાસો પર મંજૂરીની મહોર લગાવી છે." તેમણે ટીમને નવા વિચારો વિકસાવવા અને કરવામાં આવતા કાર્યના સ્કેલને વેગ આપવા પ્રોત્સાહિત કર્યા. પ્રધાનમંત્રીએ પોતાની ઉર્જાના રહસ્ય પર પ્રકાશ પાડીને સંબોધનનું સમાપન કર્યું હતું અને કહ્યું હતું કે, એક સફળ વ્યક્તિ તે છે જે પોતાની અંદરના વિદ્યાર્થીને જીવંત રાખે છે.

# ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલના અદ્યક્ષસ્થાને મળી રાજ્ય કૃષિ ભાવપંચની બેઠક

## દેશના ખેડૂતોને સ્વનિર્ભર અને સમૃદ્ધ બનાવવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ; ભારત સરકારને ટેકાના ભાવની ભલામણ કરવા બેઠકમાં ચર્ચા-વિચારણા કરાઈઃ કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ




ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય કૃષિ ભાવપંચની બેઠક મળી હતી. વર્ષ ૨૦૨૪-૨૫ના રવિ પાકોની ખરીદી માટે ટેકાના ભાવની ભલામણ કરવા મળેલી આ બેઠકમાં સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા તેમજ કૃષિ રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ ઉપસ્થિત રહ્યા હતા. કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડૂતોને સ્વનિર્ભર અને સમૃદ્ધ બનાવવા નવતર પહેલો કરી છે. ખેડૂતોને તેમની ખેતપેદાશો અને ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે અને ખેડૂતો આર્થિક ઉન્નતી તરફ આગળ વધે તેવા નેક હેતુસર વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ ભારત સરકાર દ્વારા દર વર્ષે ટેકાના ભાવ જાહેર કરીને પાકોની ખરીદી કરવામાં આવે છે. દર વર્ષે ખેડૂતો વાવેતર કરે તે અગાઉ જ ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે, જેથી ખેડૂતો નિશ્ચિંત થઈ યોગ્ય પાકોનું વાવેતર કરી શકે. ટેકાના ભાવની પોલિસી અંતર્ગત સમાવિષ્ટ રવિ પાકો પૈકી ગુજરાતના ઘઉં, ચણા, રાયડા અને શેરડી પાકના ભારત સરકાર દ્વારા આગામી વર્ષ માટે ટેકાના ભાવની દરખાસ્ત મંગાવવામાં આવી છે. ગુજરાતના ખેડૂતોને સર્વોત્તમ ભાવ મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ના ટેકાના ભાવ નક્કી કરવા ઘઉં માટે રૂ. ૪૦૫૦ પ્રતિ ક્વિન્ટલ, ચણા માટે રૂ. ૭૦૫૦ પ્રતિ ક્વિન્ટલ, રાયડા માટે રૂ. ૭૨૦૦ પ્રતિ ક્વિન્ટલ અને શેરડી માટે રૂ. ૬૦૦ પ્રતિ ક્વિન્ટલ ભાવની ભારત સરકારને ભલામણ કરવામાં આવશે, તેમ મંત્રી શ્રી પટેલે ઉમેર્યું હતું. રાજ્ય કૃષિ ભાવપંચની બેઠકમાં પાકવાર ખેતી ખર્ચ, કૃષિ ઈનપુટના ભાવો બાબતે ખેડૂત પ્રતિનિધિઓ અને કૃષિ વિભાગના અધિકારીશ્રીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. પુખ્ત વિચારણા અને નિષ્ણાતો દ્વારા નક્કી કરાયેલા ભાવોને ધ્યાને લઈ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઘઉં, ચણા, રાયડો અને શેરડી પાકના રાજ્ય કૃષિ ભાવપંચ દ્વારા ભાલામણ કરવાના થતા ભાવ ભારત સરકારના કૃષિ ખર્ચ અને ભાવપંચને મોકલી આપવામાં આવશે. આ બેઠકમાં નાયબ દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એ. કે. રાકેશ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અગ્ર સચિવ શ્રી આર. સી. મીણા, ખેતી નિયામકશ્રી સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ, ખેડૂત પ્રતિનિધિ સર્વ શ્રી હિરેન હીરપરા, હિતેન્દ્ર પટેલ અને રમેશ પટેલે બેઠકમાં ઉપસ્થિત રહી પોતાના પ્રતિભાવો આપ્યા હતા.



આદરણીય અમિતભાઈ શાહ સાહેબ ભારત સરકારમાં પુનઃ કેન્દ્રીય કેબિનેટ મંત્રી તરીકેના શપથ લેવા બદલ શ્રી અમિતભાઈ શાહ સાહેબને પ્રત્યક્ષ મળીને અભિનંદન સહ સફળ કાર્યકાળની શુભકામનાઓ પાઠવી."આદરણીય યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના કુશળ નેતૃત્વમાં "વિકસિત ભારત"ના સંકલ્પ સાથે દ્રઢ્ઢછ ની આ ત્રીજી ટર્મમાં આપના બહોળા રાજકીય અનુભવનો લાભ ગુજરાત રાજ્ય અને ભારત દેશ ને મળી રહેશે એવો પૂર્ણ વિશ્વાસ છે."શ્રી કરસનભાઈ ટીલવા શ્રી હેમંતભાઈ કંસારા શ્રી કમલેશભાઈ પટેલ.



દેશ ના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની ત્રીજી ટર્મના ઐતિહાસિક સપથગ્રહણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા બાદ સવારે ગુજરાત ના ભાજપ ના યશસ્વી અધ્યક્ષ અને નવસારી ના સાંસદ આદરણીય સી આર પાટીલ સાહેબ કે જેમને મોદી સરકાર ૩.૦ ના કેબિનેટ મંત્રી મંડળ મા સ્થાન મળી રહ્યું છે ત્યારે ગુજરાત સરકારના માન. નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સાહેબ, વલસાડ જીલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા, લોકશભા ના પ્રભારી શ્રી કરશનભાઈ ટીલવા, જીલ્લા મહામંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, નવસારી જિલ્લા ભાજપ પ્રમુખ થી શ્રી ભૂરાભાઈ શાહ, અને અન્ય આગેવાનો દિલ્હી ખાતે આદરણીય સી આર પાટીલ સાહેબ ના નિવાસ સ્થાને ઉપસ્થિત રહી, શુભેચ્છા મુલાકાત લઈ સાહેબ ને શુભકામના અને અભિનદન પાઠવ્યા હતા.



વિદ્યાનગર ખાતે કેશવ મેડીટેક સર્જિકલ પરિવારના નવા સોપાન " KESHAV MEDITECH SURGICAL" નો શુભારંભ સાંસદ શ્રી મિતેષભાઈ પટેલે કરાવી આ સોપાન સફળ રહે એવી હાર્દિક શુભકામનાઓ પાઠવી. આ અવસરે આણંદ નગરપાલિકાના પ્રમુખ શ્રી જીગ્નેશભાઈ પટેલ, વિદ્યાનગર શહેર મહામંત્રી નંદકિશોરભાઈ ઉપસ્થિત રહ્યા

## તંત્રી સ્થાનેથી......

પ્રાકૃતિક કૃષિ શું છે તેની વાત કરતા પહેલા આપણે વિચાર કરીએ કે, જંગલનાં વૃક્ષોને યુરિયા અથવા ડી.એ.પી. કોણ આપે છે? જંતુનાશક દવાઓનો છંટકાવ કોણ કરે છે? વૃક્ષોને પાણી કોણ આપે છે? આમ છતાં આ ઝાડ પર મબલખ ફળ આવે છે. આપણે જંગલના કોઈપણ વૃક્ષ કે વનસ્પતિનું પર્ણ લઈને કોઈપણ લેબોરેટરીમાં ટેસ્ટ કરાવીએ એટલે એક પણ પોષક તત્વની ઊણપ જોવા મળશે નહીં. જંગલમાં કામ કરતાં આ નિયમનું ખેતરમાં અમલ એટલે પ્રાકૃતિક ખેતી. પ્રાકૃતિક ખેતીમાં મુખ્ય ખેતી પાકની સાથે સહજીવી પાક ઉગાડવામાં આવે છે. આવા ખેતી પાકો એકબીજાને પોષણ આપે છે. મુખ્ય ખેતી પાકનો ઉત્પાદન ખર્ચ સહજીવી પાકના ઉત્પાદન અને આવકથી નીકળી જાય છે અને મુખ્ય પાક બોનસના રૂપમાં મળે છે, જેનાથી ખેડૂતનો ખેતી ખર્ચ બહુ જ ઓછો થઈ જાય છે. પ્રાકૃતિક ખેતીમાં ખેતી પાકને વૃદ્ધિ માટે અને ઉત્પાદન લેવા માટે જે જે સંસાધનોની જરૂરિયાત પડે છે તે બધા ઘરમાં જ ઉપલબ્ધ થાય છે. પ્રાકૃતિક ખેતીનો નારો છે 'ગામનો પૈસો ગામમાં અને શહેરનો પૈસો પણ ગામમાં. ખેતી પાકોની વૃદ્ધિ માટેના જરૂરી તત્વો ધરાવતી આ ભૂમિ અન્નપૂર્ણા છે, જ્યારે અન્ય તત્વો પર્ણોની પાસે વાતાવરણમાં જ પૂરતા પ્રમાણમાં હાજર હોય છે. આપણા ખેતી પાકો જમીનમાંથી ફક્ત ૧.૫ થી ૨% ખનીજ તત્વો લે છે. બાકીના ૯૮ થી ૯૮.૫ ટકા હવા, સૂર્યપ્રકાશ અને પાણી દ્વારા લે છે. ખેતી પાકનું ૯૮ ટકા શરીર હવા અને પાણીથી જ બનતું હોય તો ઉપરથી કોઈપણ રાસાયણિક ખાતર અથવા ઝેરી જંતુનાશક દવાઓ નાખવાની જરૂર જ ક્યાં ઊભી થાય છે? કોઈપણ લીલું પાન (વૃક્ષ અથવા છોડવાના) દિવસ આખો પ્રકાશ સંશ્લેષણ ક્રિયા દ્વારા ખોરાક પેદા કરે છે. આ પાન ખોરાક નિર્માણ કરવાનું કારખાનું છે. જે હવામાંથી કાર્બન ડાયોકસાઈડ લે છે, જમીનમાંથી મૂળ દ્વારા ચોમાસાના વરસાદ અથવા કૂવા કે પાણીના તળાવમાંથી આપવામાં આવેલું પાણી ઊઠાવે છે અને તે સૂર્યપ્રકાશ લે છે. (પ્રતિ સ્ક્વેર ફૂટ પ્રતિ દિન ૧૨.૫ કિલો કેલરી) આ ત્રણેય વસ્તુઓમાંથી વનસ્પતિ ખોરાક તૈયાર કરે છે. છોડ/ઝાડ ખોરાક બનાવવા માટે જરૂરિયાત મુજબ હવા, પાણી અને સૌર ઊર્જા પ્રકૃતિમાંથી લે છે, જે બિલકુલ મફત મળે છે. બાકી રહેલ ૧.૫ થી ૨ ટકા ખનીજો મૂળ દ્વારા જમીનમાંથી લે છે તે પણ મફતમાં જ મળે છે અને તે જમીનમાંથી જ મેળવી લે છે, કારણ કે તે મૂળભૂત રીતે જમીન છે. જ્યારે આ વાસ્તવિકતા છે કે, કંઈ પણ નાખ્યા વગર જંગલનાં વૃક્ષો વર્ષો વર્ષ અગણિત ફળો આપે છે, તો તેનો અર્થ એ થયો કે, તે વૃક્ષોનાં મૂળ પાસે જમીનમાં જરૂરી તમામ પોષક તત્ત્વો પહેલાંથી જ હાજર છે. જો આ તમામ જરૂરી પોષક તત્વો જમીનમાં ઉપલબ્ધ ન હોય તો વૃક્ષ, વનસ્પતિ છોડને ઉપલબ્ધ થાત નહીં. જમીનના પૃથક્કરણમાંતો અનેક વખત જોવા મળ્યું કે, જમીનમાં પોષક તત્ત્વોની ઊણપ હોતી નથી. તેમ છતાં વધુ ઉત્પાદન મળતું નથી. આવું જમીનની ભૌતિક અને જૈવિક સ્વાસ્થ્યની ઊણપના કારણે થતું હોય છે. આવી જમીનમાં છોડવાઓને પૂરતા પ્રમાણમાં ભેજ અને પોષક તત્ત્વો ઉપલબ્ધ થતાં નથી અને વાપ્સા તેમજ હ્યુમસ નિર્માણ થઈ શકતું નથી. જો જમીનના જૈવિક સ્વાસ્થ્યમાં સુધારો થઈ જાય તો ઓછા પ્રમાણમાં પોષક તત્વો ઉપલબ્ધ હોવા છતાં પણ સારુ ઉત્પાદન લઈ શકાય છે. પ્રાકૃતિક ખેતીમાં આ ગુણ જમીનમાં આપમેળે જ ઉપલબ્ધ થઈ જાય છે. જમીનના પૃથક્કરણમાં એવું પણ જોવા મળ્યું કે કેટલાંય પોષક તત્ત્વ જમીનની નીચેની પ્રતમાં જમા થઈ જાય છે. નીચેની જમીનમાંથી જમીનની ઉપરની સપાટીએ પોષક તત્વો લાવવાનું કાર્ય પાનખરમાં ખરી પડેલાં સૂકા તે પોષક તત્વોને ખેંચીને ઉપર લાવીને પોતાની વિષ્ટાના માધ્યમથી મળને ઉપલબ્ધ તમે વિઘટન અને કેશાકર્ષણ શક્તિ દ્વારા તેમ જ આપણા દેશી અળસિયાંઓ કરે છે. આ અળસિયાઓ પોષક તત્વોને ખેંચી ઉપર લાવીને પોતાની વિસ્તારના માધ્યમથી મૂળને ઉપલબ્ધ કરાવવાનું મહાન કામ કરે છે. આપણે જમીન ઉપર પડેલા દેશી ગાયના છાણને ઉઠાવીશું, તો જમીન ઉપર, જયાંથી છાણ ઉપાડેલું છે, ત્યાં બે ત્રણ છિદ્રો જોવા મળશે. આ છિદ્રો આપણા દેશી અળસિયાં કરે છે. તેનો મતલબ કે, દેશી ગાયના - છાણમાં દેશી અળસિયાંને ઉપર ખેંચવાની અદ્ભુત તાકાત છે. દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ થી ૫૦૦ કરોડ ઉપયોગી ભોજન ઉપલબ્ધ કરાવવાવાળા સૂક્ષ્મ જીવાણુઓ હોય છે. પ્રાકૃતિક કૃષિ માટે સૌથી મહત્વનું તત્વ હોય તો એ છે ગાયનું છાણ. ત્યારે વાત કરીએ કે એકર જમીન માટે કેટલું છાણ જોઈએ? એક મહિનાની અંદર ઓછામાં ઓછા એક વખત પ્રતિ એકર દેશી ગાયનું ૧૦ કિલોગ્રામ છાણ ઉપયોગમાં લેવાની જરૂર છે. એક દેશી ગાય એક દિવસમાં સરેરાશ ૧૧ કિલોગ્રામ છાણ, એક દેશી બળદ દિવસમાં સરેરાશ ૧૩ કિલોગ્રામ છાણ અને એક ભેંસ દિવસમાં ૧૫ કિલોગ્રામ છાણ આપે છે. એક ગાયનું એક દિવસનું છાણ એક એકર જમીન માટે એક મહિના માટે પૂરતું છે. આવી રીતના એક ગાયથી ૩૦ એકર ખેતીને એક મહિનામાં પોષણ પૂરું પાડી શકાય. તો ચાલો પ્રાકૃતિક કૃષિને જાણી સમજીને અપનાવીએ અને પ્રકૃતિના સંવર્ધન સાથે ઉત્તમ અર્થોપાર્જન કરીએ.






ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતભરના વોટર પાર્કસ ઉનાળાની શરૂઆત થતાંની સાથે જ મુસાફરોથી ઉભરાઈ જતા હોય છે ત્યારે આ ઋતુમાં વોટર પાર્કના સંચાલકો દ્વારા કરોડો રૂપિયાના હિસાબોના ગોટાળા કર્યા હોવાની વિગતો સામે આવતાં ડિપાર્ટમેન્ટ દ્વારા દરોડા પાડીને તપાસ શરૂ કરી છે. જીએસટીના વિભાગની અલગ અલગ ટીમો દ્વારા રાજ્યના ૧૫ વોટર પાર્કસની ૨૭ ઓફિસો પર દરોડા પાડીને આશરે ૬૪ કરોડના વિવાદાસ્પદ વ્યવહારો શોધી કાઢ્યા હતા.

# ડાંગરની સોડમની સાથે સાથે ખેડૂતની સમૃદ્ધિમાં પણ વધારો

### ૨૦૧૩થી પ્રાકૃતિક ખેતી શરૂ કરનાર ખેડૂત શ્રી કાશીરામભાઈ વાઘેલાએ રાસાયણિક ખેતી જેટલું જ ઉત્પાદન અને બમણો નફો મેળવ્યો



અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ખીચા ગામના ખેડૂત શ્રી કાશીરામભાઈ વાઘેલા પ્રાકૃતિક ખેતીના પ્રહરી બન્યા છે. વર્ષ ૨૦૧૩થી પ્રાકૃતિક ખેતી કરતા શ્રી કાશીરામભાઈએ ડાંગરમાં રાસાયણિક ખેતી જેટલું જ ઉત્પાદન અને બમણો નફો મેળવવામાં સફળતા હાંસલ કરી છે. કાશીરામભાઈના જણાવ્યા પ્રમાણે વર્ષ ૨૦૧૨ સુધી તેઓ રાસાયણિક ખાતર અને દવાઓનો ઉપયોગ કરી ખેતી કરતા હતા. જેથી પાકમાં રોગ અને જીવાતનું પ્રમાણ વધુ હતું. બીજી તરફ ઉત્પાદન ખર્ચ વધુ આવતો અને જોઈએ તેવા ભાવ મળતા નહોતા. ત્યારબાદ પ્રાકૃતિક ખેતીથી પ્રેરાઈને તેમણે ધીરે ધીરે જીવામૃત, ઘનજીવામૃત અને બીજામૃતના આધારે પ્રાકૃતિક ખેતી અપનાવી. તેમણે પ્રાકૃતિક ખેતીનો પ્રયોગ એક વીઘાથી શરૂ કરેલો અને આજે તેઓ ૨૦ વીઘા જમીન પર પ્રાકૃતિક ઢબે ખેતી કરી રહ્યા છે. ઉત્પાદન વિશે જણાવતા કાશીરામભાઈ કહે છે કે, તેઓ વર્ષમાં બે વખત ડાંગરની સીઝન લે છે. જેમાં દહેરાદૂન, ગુજરાતી સહિતની ૨૦થી વધુ વેરાયટીઝનું તેઓ વાવેતર કરતા હોય છે. માટી, ગોળ, ચણાનો લોટ તથા ગાય આધારિત તત્ત્વોનો ઉપયોગ કરી તેમણે જમીન ફળદ્રુપ બનાવી છે. આ ઉપરાંત કુદરતી પેસ્ટિસાઈડ તરીકે તેઓ પાક પર ગોળ અને ખાટી છાશના મિશ્રણનો છંટકાવ કરે છે. આ પદ્ધતિથી ખેતી કરવાથી જમીનમાં પાકમિત્ર કિટકોનું પ્રમાણ પણ સારું એવું વધ્યું છે. અને ડાંગરની સોડમમાં પણ વધારો થયો છે. કાશીરામભાઈના કહેવા પ્રમાણે, સામાન્ય રીતે રાસાયણિક ખેતીથી ઉત્પાદિત થયેલા ડાંગરનો એક મણનો ભાવ ? ૨૫૦થી ૩૦૦ રહેતો હોય છે. જેની સામે પ્રાકૃતિક ખેતીથી પકવેલા ડાંગરનો ભાવ ? ૫૫૦ જેટલો મળે છે. સાથોસાથ પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ખર્ચ ખૂબ ઓછો આવતો હોવાથી બમણો નફો મળે છે. કાશીરામભાઈ ઉમેરે છે કે રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી અપનાવો ત્યારે શરૂઆતમાં ઉત્પાદન ઘટવાનો ડર રહે છે, પરંતુ ધીમે ધીમે ઉત્પાદન અને ગુણવત્તા બન્ને વધી જવાથી ખેતપેદાશનું મૂલ્યવર્ધન કરીને સારો એવો નફો મેળવી શકાય છે. રાજ્ય સરકારના એકમ 'એગ્રિકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી' (આત્મા) સાથે જોડાઈને જમીનના જતનકાર એવા કાશીરામભાઈએ પ્રાકૃતિક ખેતીની આહલેક જગાવીને બીજા અનેક ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળ્યા છે. આત્માની મદદથી પ્રાકૃતિક ખેતીનો અભ્યાસ, તાલીમ અને પ્રયોગોને આધારે ખેતીમાં કાઠું કાઢનાર કાશીરામભાઈએ મધ્યપ્રદેશ, દિલ્હી, પંજાબ અને હિમાચલપ્રદેશ સહિતનાં રાજ્યોમાં યોજાયેલા સેમિનારમાં હાજરી આપીને પ્રાકૃતિક ખેતી વિષયક માર્ગદર્શન મેળવ્યું છે. પ્રાકૃતિક ખેતીમાં આવનવી તકનીકોની સફળ અમલવારી કરવા બદલ તેમને વર્ષ ૨૦૧૯માં બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડથી સન્માનિત પણ કરવામાં આવ્યા હતા. આમ, પ્રાકૃતિક ખેતી વિષયક જાગૃતિને જ જીવનમંત્ર બનાવી કાશીરામભાઈ તેમના સંપર્કમાં આવનાર અનેક ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના ફાયદા સમજાવી ચૂક્યા છે. હાલમાં તેઓ સાણંદ, બાવળા અને વિરમગામમાં કાર્યરત ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશનના ૪૫૦થી વધુ સભ્ય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિષયક માર્ગદર્શન આપી રહ્યા છે.

# સરોધી કા મહારાજા યુવા ગ્રુપ સંચાલિત કુસુમ ફાઉન્ડેશન દ્વારા ૨૪૦ નિરાધાર બાળકોને શિક્ષણ સહાય સામગ્રી વિતરણ કરવામાં આવી

વલસાડ

સરોધી કા મહારાજા યુવા ગ્રુપ સંચાલિત કુસુમ ફાઉન્ડેશન દ્વારા હર ઘર શિક્ષણ અને શિક્ષણ એજ શ્રેષ્ઠ કલ્યાણ સૂત્રને સાર્થક કરવા માટે વલસાડ તેમજ નવસારીના કુલ ૨૪૦ જેટલા માતા કે પિતા વિનાના બાળકોને નોટબુક, દફતર તેમજ તમામ શૈક્ષણિક સાધન સામગ્રીની કીટ વિતરણ કરવામાં આવી હતી. આ વર્ષે ૧૦૦૦ બાળકોને આ કીટ આપવામાં આવશે. શાળા શરૂ થતા પહેલા બાળદેવોના ચહેરા પર ખુશીઓની લહેર જોવા મળી રહી છે. આ ભંડોળ જન્મદિન, લગ્ન એનિવર્સરી કે સ્વજનોની પુણ્યતિથી નિમિત્તે લોકો દ્વારા જે દાન મળે છે એ દાન નો ઉપયોગ નિરાધાર બાળકોનાં શિક્ષણ માટે કરવામાં આવે છે. સમગ્ર સંચાલન શિક્ષક દંપત્તિ



સ્નેહલભાઈ અને ચાંદનીબેન તેમજ આનંદભાઈ અને સરોધીના યુવા મિત્રોના સહકારથી થઈ રહ્યું છે.

# વલસાડના ઈતિહાસમાં ૯મી જૂનના રોજ પેહલીવાર સૌથી મોટી ચેસ ટુર્નામેન્ટ યોજાઈ



વલસાડ

વલસાડના ઈતિહાસમાં પહેલીવાર તા.૯મી જૂન ૨૦૨૪ના રોજ જિલ્લાની સૌથી મોટી ચેસ ટુર્નામેન્ટનું વલસાડના ગુંદલાવના પરિવાર રેસ્ટોરન્ટ અને બેક્વેટ, NH 48 ખાતે આર્ય સંસ્કાર ધામ અને ચેસ લવર એકેડેમીના સંયુક્ત ઉપક્રમે વલસાડ ઓપન ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં ઉમરગામ, દમણ, વાપી, સેલવાસ, નવસારી, સુરત, બરોડા, અહમદાબાદ અને ભાવનગર થી ચેસ ના રેટિંગ ધરાવતા ખેલાડીઓ એ ભાગ લીધો હતો. વલસાડમાં ચેસ લવર એકેડેમીના સ્થાપક ડો. દીપેશ શાહ ના માર્ગદર્શન હેઠળ શિવ યાદવ અને પ્રજ્ઞેશ પટેલ દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નમેન્ટમાં ચાર ગ્રુપ ઓપન, અંડર ૧૫, ૧૨, ૯ માં કુલ ૧૬૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ફૂલ પાંચ રાઉન્ડમાં સમગ્ર ટુર્નામેન્ટ યોજાશે જેમાં વિજેતાઓને રોકડ પુરસ્કાર, ટ્રોફી અને સર્ટિફિકેટ આર્ય સંસ્કાર ધામ ના સ્થાપક શ્રી રમેશભાઈ શાહ અને રશ્મીબેન શાહ દ્વારા આપવામાં આવ્યા હતા. ઓપન કેટેગરી માં પ્રથમ ક્રમે મુંબઈ થી આવેલ નીમય ભાનુશાલી ને રૂ.૫૦૦૦ બીજા ક્રમે ભાવનગર થી આવેલ રોનક ચુડાસમાને રૂ.૩૦૦૦ અને ત્રીજા ક્રમે નવસારીના નિહલ પટેલને રૂ.૨૦૦૦નું રોકડ ઈનામ ટ્રોફી અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. અંડર ૧૫ માં પ્રથમ ક્રમે લાખની નીવ, બીજા ક્રમે કાંતિ બીશ્વાસ અને ત્રીજા ક્રમે સ્પર્શ વ્યાસ જ્યારે અંડર ૧૨માં પ્રથમ મંત્ર ભાનુશાલી, બીજા આરુશ નીરખે, ત્રીજા અંશ ગોહિલ અને અંડર ૯માં પ્રથમ ક્રમે કુંજ પાલીવાલ, બીજા ક્રમે વીર પટેલ અને ત્રીજા ક્રમે ધ્યેય પટેલ વિજેતા થયા હતા. આ સર્વ ને ટ્રોફી, સર્ટિફિકેટ અને એનાયત કરવામાં આવ્યા હતા. આ ટુર્નામેન્ટમાં આરબીટર તરીકે ત્રિશૂળ પટેલ, ભાવિશા પટેલ, મહાદેવ રેવાંકરે સેવા આપી હતી. અંતે સર્વેનો આભાર ડો. દીપેશ શાહ દ્વારા માનવામાં આવ્યો હતો.

# અશ્વપ્રેમી રેસ સમિતિ અબડાસા દ્વારા આયોજિત ઘોડા દોડ યોજવામાં આવી



અબડાસા તાલુકાના કનકપર નજીક કોઠારા ભુજ રોડ પર રામવાડી મધ્યે આજરોજ અશ્વપ્રેમી રેસ સમિતિ અબડાસા દ્વારા આયોજિત ઘોડા દોડ યોજવામાં આવી હતી આ દોડ મા લખપત રાજકોટ મુંદ્રા ભચાઉ રાપર ગાંધીધામ ભુજ અબડાસા માંડવી ખાવડા વિસ્તાર ના અશ્વપ્રેમીઓ ભાગ લીધો હતો બહોળી સંખ્યામાં જનમેદની ઉમટી પડયા હતા અબડાસા તાલુકામાં જાણે મુંબઈ નો રેસકોર્ષ મૈદાન જેવો નઝારો જોવા મડયો હતો આ ઘોડા દોડ નો આયોજન સમિતિ ના પ્રમુખ સલીમભાઈ હિંગોરા અને મહામંત્રી ઈબ્રાહિમભાઈ હિંગોરા ધનાવાડા વાલા એ કરી હતી આવેલા મુખ્ય મહેમાનો ને સન્માન પત્ર આપી સન્માનિત કરાયા હતા રેસ માં પચાસ હજાર જેટલી માતબર રકમ ઈનામો ના મુખ્ય દાતાઓ હાજીજાકુબ હિંગોરા અને મજીદભાઈ હિંગોરા ધનાવાડા અને જગતભાઈ ચોધરી હરીયાણા અને અબડાસા તાલુકા પંચાયત ના પ્રમુખ મહાવીરસિંહ જાડેજા અને અબડાસા તાલુકા પંચાયત ના માજી સદસ્ય ગીરીરાજ સિંહ જાડેજા અને છત્રસિંહ જાડેજા નલીયા અને રામદેવસિંહ જાડેજા નો સહયોગ રહ્યો હતો રેસ મુખ્ય ભુમિકા પંચો ની હોય છે આ રેસ માં પંચ તરીકે જકરીયા હિંગોરા માજી સરપંચ ધનાવાડા અને રીટાયર્ડ પીએસઆઈ હાજીઈશાકભાઈ હિંગોરા અને હાજી મામદસિધીક હિંગોરા સરપંચ ગઢવાડા અને માજી સરપંચ હાજીરજાકભાઈ હિંગોરા ખીરસરા અને હાજીનુરમામદ હિંગોરા અને અજીજ હિંગોરા સહિત ના આગેવાનો એ ભુમિકા ભજવી હતી.મોટી રેવાલ દોડમાં પ્રથમ નંબરે પડાણા ગાંધીધામ ના ઈકબાલભાઈ હારૂન ચાવડાને ૧૧૦૦૦ બીજા નંબરે ડુમરાના હાજીબબા ભજીર ને ૭૦૦૦- ત્રીજા નંબરે નંબર જાડેજા બાપજી ભેદી ને ૫૧૦૦- રોકડ રૂપિયા ઈનામ આપવામાં આવ્યો હતો નાની રેવાલ દોડમાં પ્રથમ નંબરે હમીદભાઈ તૂર્ક વિઝાણ ૭૦૦૦- બીજા નંબરે દેવુભા જાડેજા વાગળ ૫૧૦૦- ત્રીજા નંબરે અબ્દ્રેમાન ભુજ ૩૧૦૦ રોકડ રૂપિયા ઈનામ આપવામાં આવ્યો હતો સાથે સરાળો દોળ પણ રાખવામાં આવી હતી તેના પ્રથમ નંબર ને ૩૧૦૦- બીજા નંબર ને ૨૧૦૦- ત્રીજા નંબર ને ૧૫૦૦ રોકડ રૂપિયા ઈનામ આપવામાં આવ્યો હતો એ પછી અદાંત દોળ પણ રાખવામાં આવી હતી

અને તેમાં પ્રથમ નંબર ને- ૨૧૦૦- બીજા નંબર ને ૧૫૦૦- ત્રીજા નંબર ને ૧૧૦૦- રોકડ રૂપિયા ઈનામ આપવામાં આવ્યો હતો આ રેસ માં અબડાસા ના માજી ધારાસભ્ય ઈબ્રાહિમભાઈ મંધરા, જીલ્લા પંચાયત સદસ્ય પુરષોત્તામભાઈ મારવાડા નખત્રાણા ના મુસ્લિમ આગેવાન શફીમામદ ભાઈ હિંગોરા અને યાકુબભાઈ મુતવા અને વરિંદભાઈ જત અને માજી સરપંચ ઈસ્માઈલ ભાઈ સહિત ના વિવિધ આગેવાનો એ હાજરી આપી હતી તેમ ઈમરાનભાઈ તુર્ક એ જણાવ્યું હતું

# કચ્છના મહિલા ખેડૂતે પ્રાકૃતિક ખેતીના સહારે પોતાની આવકમાં વધારો કર્યો

### ભચાઉ તાલુકાના કુંભારડી ગામના રમાબેન વોરાએ દેશી ગાયના પાલન સાથે પ્રાકૃતિક ખેતી કરીને શાકભાજી તથા બાગાયતી ખેતીમાં કાઠુ કાઢયું

**પ્રાકૃતિક પાકોનું વેલ્યુ એડીશન કરીને કરે છે તગડી કમાણી**



ભુજ,

એસ.વાય.બી.એ સુધી અભ્યાસ કરેલા ભચાઉ તાલુકાના કુંભારડીના રમાબેન વોરા આજ સફળતા પૂર્વક પ્રાકૃતિક ખેતી કરીને મહિલા ખેડૂતો માટે ઉદાહરણરૂપ બન્યા છે. ૧૫ એકરમાં તેઓ ૧૨ ગાયોના પાલન સાથે પ્રાકૃતિક કૃષિ થકી ધાન્ય, શાકભાજી તથા બાગાયતી ખેતી કરીને તગડી કમાણી કરી રહ્યા છે. ઝેરમુકત ખેતી થકી તેઓ ગુણવત્તાયુકત પાક સાથે પોતાની આવકમાં પણ વધારો કર્યો છે. રમાબેન વોરાએ જણાવે છે કે, ૭ દિવસીય પ્રાકૃતિક કૃષિની શિબિર કર્યા બાદ પ્રાકૃતિક ખેતી કરવાની પ્રેરણા મળી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૪માં પ્રાકૃતિક કૃષિની શરૂઆત કરેલી. અત્યાર સુધી અનેક તાલીમ મેળવી છે. તેઓ ઉમેર છે કે, રાસાયણિક ખેતીમાં દવા અને ખાતરનો ખર્ચો વધી જાય છે, તેમજ નિંદણ પણ વધારે ઊગી નીકળે છે, જેનાથી મજુરી ખર્ચ વધુ થાય છે. જમીનનું બંધારણ બગડે તથા પાકની ગુણવત્તા સારી હોતી નથી.. જમીનમાં ક્ષારનું પ્રમાણ વધતા રાસાયણિક ખેતીમાં પાકને વધુ પિયતની જરૂર પડે છે. જયારે પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત, બીજામૃત, નિમાસ્ત્ર વગેરે બનાવીને તેનો ઉપયોગ ખેતીમાં કરવામાં આવે છે. આ પ્રયોગ થકી મારી જમીનની ફળદ્રુપતા અને બંધારણમાં સુધારો થયો છે. જીવામૃતનો ઉપયોગ કરવાથી જમીનમાં સુક્ષ્મજીવો અને પોષકતત્વોનું પ્રમાણ વધ્યું છે. ઉત્પાદન વધતા આર્થિક સધ્ધરતામાં વધારો થયો છે. ખેતરમાં રહેલા સૂકા પાંદડા, ડાળીઓ વગેરેનું આચ્છાદન કરવાથી જમીનની ભેજ ધારણ શક્તિમાં વધારો થયો છે. વધુમાં નીંદણનું નિયંત્રણ થઈ જાય છે. જમીનમાં અળસિયા વધતા ફળદ્રુપતા વધી છે, અળસીયા થકી જમીનમાં છીદ્રો વધતા વરસાદનું પાણી જમા ન થતાં સીધું જ જમીનમાં ઉતરી જાય છે. રમાબેન કહે છે કે, તેઓ ૧૫ એકર જમીનમાં હાલ કપાસ, દિવેલા, ડ્રેગન ફ્રુટ, શક્કર ટેટી, લીંબુ, આંબા, ખારેક, શાકભાજી વગેરે પાકોનું વાવેતર કરેલું છે. જેનું સીધું વેચાણ તેઓ બજારમાં કરે છે. જેના થકી સારી કમાણી થઈ રહી છે ઉપરાંત પ્રોડકટનું મુલ્ય વર્ધન કરીને વેચાણ કરતા બજારમાં પ્રાકૃતિક ઉત્પાદનોની સારી એવી માંગ છે. તેઓ જણાવે છે કે, રાસાયણિક ખેતીના કારણે જમીનનું બંધારણ અને લોકોનું સ્વાસ્થય બગડયું છે ત્યારે હવે કિસાનોએ જાગૃત બનીને પ્રાકૃતિક ખેતી તરફ વળવું પડશે. આ ખેતીથી પર્યાવરણ, લોકો તથા ખેડૂતને ફાયદો જ ફાયદો છે. રાજયપાલશ્રી તથા ગુજરાત સરકાર જયારે પ્રાકૃતિક ખેતી માટે મુહિમ ચલાવી રહી છે ત્યારે સૌ કિસાન તેમાં જોડાય તે સમયની માંગ છે.

# અમદાવાદની સમરસ છાત્રાલય વંચિત સમાજના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ: અત્યાર સુધીમાં કુલ ૮,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસનાં સપનાં સાકાર કર્યા

**હાલમાં અમદાવાદ સમરસ છાત્રાલયમાં કુલ- ૯૮૪ વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરી રહ્યા છે**

**સુવિધાના અભાવે ગામડાનો વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ન રહે તે માટે અમદાવાદ શહેરમાં રાજ્ય સરકાર દ્વારા સમરસ છાત્રાલયોનું નિર્માણ કરાયું**

**સમરસ છાત્રાલયમાં પ્રવેશ માટેની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ૨૦ જૂન સુધીમાં www.samras.gujarat.gov.in લિંક ઉપર જઈને રજિસ્ટ્રેશન કરી શકાશે**



**સમરસ છાત્રાલય ગામડાના વિદ્યાર્થીઓને શહેરમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા વિનામૂલ્યે નિવાસ સહિતની સગવડ પૂરી પાડે છે**

ગુજરાત રાજ્યના અંતરિયાળ અને છેવાડાના વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે વતનથી દૂર જવાનું થાય ત્યારે રહેવા અને જમવાની સગવડ સહિતની સુવિધા માટે આમથી તેમ ભટકવું ન પડે અને સુવિધાના અભાવે ગામડાનો વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ગુજરાતના અમદાવાદ જેવા મોટા શહેરમાં રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ગુજરાત યુનિવર્સિટીની નજીકમાં જ સુંદર સુવિધાવાળા બિલ્ડિંગમાં સમરસ છાત્રાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સમરસ છાત્રાલય ગામડાના વિદ્યાર્થીઓ માટે શહેરમાં આશરાની સાથે ઉચ્ચ શિક્ષણ મેળવવા વિનામૂલ્યે સગવડ પૂરી પાડે છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી વર્ષ-૨૦૧૬માં શરૂ કરવામાં આવેલ આ સમરસ છાત્રાલય વંચિત સમાજના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બની રહ્યું છે. આ સમરસ છાત્રાલયોમાં રાજ્યના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને જનરલમાં આર્થિક રીતે પછાત (EWS) વર્ગના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે રહેવા અને જમવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. હાલ સમરસ છાત્રાલયમાં કુલ ૯૮૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરી રહ્યા છે. અમદાવાદના સમરસ છાત્રાલયમાં હાલમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (OBC)ના૪૫૦ વિદ્યાર્થીઓ, અનુસૂચિત જનજાતિ (ST) વર્ગના ૩૦૦ વિદ્યાર્થીઓ અને અનુસૂચિત જાતિ (SC) વર્ગના ૧૫૦ વિદ્યાર્થીઓ તથા જનરલ કેટેગરીમાં આવતા આર્થિક રીતે પછાત (EWS) વર્ગના ૧૦૦ વિદ્યાર્થીઓ રહે છે અને વિવિધ કોલેજોમાં ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. સમરસ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩.૯૮ કરોડ રૂપિયાની ગ્રાન્ટ વાપરવામાં આવી છે. આ સમરસ છાત્રાલયમાં વર્ષ-૨૦૧૬થી શરૂ કરીને વર્ષ-૨૦૨૪ સુધીમાં કુલ ૮,૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ પોતાના ઉચ્ચ અભ્યાસનાં સપનાં સાકાર કર્યાં છે. વિવિધ અભ્યાક્રમોની વાત કરીએ તો અલગ અલગ ફેકલ્ટીમાં સ્નાતક કક્ષાએ ૧૦૦૦ વિદ્યાર્થીઓ, મેડિકલ અને ઈજનેરી ફેકલ્ટીમાં ૩૦૦ વિદ્યાર્થીઓ, પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાએ ૩૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. નવા શૈક્ષણિક વર્ષ માટે સમરસ છાત્રાલયમાં પ્રવેશની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે.

સમરસ છાત્રલાયની સુવિધા અને વિદ્યાર્થીઓને મળતી સવલતો

અમદાવાદ સમરસ કુમાર છાત્રાલયમાં ૧૦-૧૦ માળના કુલ ચાર બ્લોકમાં બી-૧થી બી-૪ સુધીના બ્લોક આવેલા છે. દરકે બ્લોકમાં ૨૫૦ વિદ્યાર્થીઓ રહી શકે તેવી સુંદર સુવિધા સાથેના રૂમોનો સમાવેશ થાય છે. જેમાં દિવ્યાંગ અને પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી કે અગવડ ન પડે તે માટે પ્રથમ માળે ખાસ અલગ રૂમની વ્યવસ્થા કરવામાં આવેલી છે. જ્યારે PhD અને MBBS જેવા ઉચ્ચ અભ્યાસક્રમો માટે સીંગલ સીટ રૂમની વ્યવસ્થા કરવામાં આવેલી છે. એમને સવારે- ચા સાથે નાસ્તો, બપોરનું ભોજન અને સાંજના ભોજનમાં દૂધ સહિતની વાનગીઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. તેમજ દરકે માળે પેન્ટ્રી રૂમની વ્યવસ્થા અને દરકે માળે ઈ પ્લાન્ટ અને ન્હાવા માટે ગરમ પાણી મળી રહે તે માટે સોલાર વોટર હીટર સિસ્ટમ પણ મૂકવામાં આવેલી છે. આ છાત્રાલયમાં પ્રવેશ લેનાર દરેક વિદ્યાર્થીને રૂમમાં વુડન પલંગ, ખુરશી અને ટેબલ આપવામાં આવે છે તેમજ વિદ્યાર્થીઓની સઘન સલામતિ અને સુરક્ષાના ભાગરૂપે મુખ્ય ગેટથી માંડીને તમામ બ્લોકમાં ૨૪ કલાકના સિક્યુરિટી ગાર્ડ તેમજ ફાયર સેફ્ટી સિસ્ટમ લગાવવામાં આવેલી છે.

સમરસ છાત્રાલયમાં પ્રવેશ મેળવવાની પ્રક્રિયા

સમરસ છાત્રાલયમાં રાજ્યના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને જનરલ કેટેગરીના આર્થિક રીતે પછાત (EWS) વર્ગના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક રહેવા અને જમવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. અમદાવાદની સરકારી કે ખાનગી કોલેજમાં પ્રવેશ મેળવેલો હોય અને જેમના વાલીના વાર્ષિક આવક રૂ. ૬.૦૦ લાખ સુધીની હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવાનું હોય છે અને મેરીટના ધોરણે પારદર્શક રીતે પ્રવેશ આપવામાં આવે છે. પ્રવેશ ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓએ અહીં જણાવેલા દસ્તાવેજો હાથવગા રાખવા જરૂરી છે. વિદ્યાર્થીનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ, છેલ્લે અભ્યાસ કર્યો હોય તેની માર્કશીટની નકલ, ન્ઝ (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર)ની નકલ, જાતિના દાખલાની નકલ, આધાર કાર્ડની નકલ, વિદ્યાર્થી દિવ્યાંગ અને અનાથ હોય તો સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર, ચારિત્ર્ય પ્રમાણપત્ર અને મેડિકલ ફિટનેસ પ્રમાણપત્ર આપવાનું હોય છે. અત્રે ઉલ્લેખનીય છે સમરસ છાત્રાલયમાં પ્રવેશ માટેની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે તારીખ ૨૦/૦૬/૨૦૨૪ સુધી આ (www.samras.gujarat.gov.in) લિંક ઉપર જઈને રજિસ્ટ્રેશન કરી શકાશે. સમરસ છાત્રાલયમાં મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવે છે. વધુ વિગત માટે નાયબ નિયામક અનુસૂચિત જાતિની કચેરી, અમદાવાદનો સંપર્ક કરી શકાશે.

# આર.ટી.ઓ. દ્વારા શાળાના બાળકોના હિતમાં સ્કુલ વર્ધી વાહનો માટે નિયમો અંગે સૂચના આપવામાં આવી

વલસાડ

વલસાડ જિલ્લામાં આવેલા વિવિધ શાળાઓ અને કોલેજોમાં ટૂંક સમયમાં નવા સત્રની શરૂઆત થશે. જે શાળા કે કોલેજોના વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ, શાળા સંચાલકો તેમજ સ્કુલ વર્ધી માટે વાપરવામાં આવતા રિક્ષા, વાન, વગેરે વાહનના ચાલકોમાં સ્કુલના બાળકોને લાવવા લઈ જવાના પરિવહનમાં માર્ગ સલામતી બાબતે જાગૃતિ આવે તે માટે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, વલસાડ દ્વારા વિવિધ સૂચનો આપવામાં આવ્યા છે. વર્ધી માટેના વાહનો માટે મોટર વ્હિકલ એક્ટ ૧૯૮૮ મુજબ નીચે પ્રમાણેની સૂચનાઓ આપવામાં આવી છે. સદરહુ બાબતોને શાળાના બાળકોના હિતમાં જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે.



- સ્કુલના બાળકોને શાળાએ લાવવા-લઈ જવા માટે વપરાતા વાહનો હંમેશા ટ્રાન્સપોર્ટ વર્ગ ( પીળી નંબર પ્લેટવાળા વાહનો) હોવા જરૂરી છે.
- સ્કુલ વર્ધીનું વાહન અને તેમાં લઈ જવાના વિદ્યાર્થીઓનો માન્ય વીમો, ટેક્ષ, પરમીટ, પી.યુ.સી., ફીટનેશ હોવું જોઈએ.
- વાહનના ચાલક અધિકૃત ડ્રાઈવિંગ લાઈસન્સ ધરાવતા હોવા જોઈએ
- દરેક વાહનમા પ્રાથમિક સારવારની પેટી બિનચૂક રાખવી જોઈએ. દરેક વાહનમાં જરૂરી અગ્નિશામક સાધનો ફરજીયાત રાખવા.
- આવા વાહન ઉપરના માલિકનું નામ અને ટેલિફોન નંબર અવશ્ય લખેલા હોવા જોઈએ.
- સ્કૂલવાનના દરવાજા સારી ગુણવત્તાવાળા તાળાઓથી બંધ કરવા.
- દરેક વાહનમાં સ્કુલ બેગ સલામત રાખવા માટે જરૂરી જગ્યા રાખવી.
- સીટ કુશન સાદી સપાટીવાળું હોવું જોઈએ, વાંકીચુકી સપાટીવાળું હોવુ જોઈએ નહિ.
- આ પ્રકારના વાહન કલાકમાં ૨૦ કી.મી. કરતા વધુ ઝડપે ચલાવી શકાશે નહિ.
- વાહનમાં બાળકોના દફતર ડાબી તથા જમણી બાજુએ બહાર લટકાવી શકાશે નહિ.
- વાહન ઉપર આગળની બાજુએ, ડાબી બાજુએ, જમણી બાજુએ તથા પાછળના ભાગમાં પીળા બેકગ્રાઉન્ડ ઉપર લાલ રંગમાં સ્કુલ વાન શબ્દ ચિતરવાના રહેશે.
- ડ્રાઈવરની સીટ ઉપર કોઈપણ બાળકને બેસાડી શકાશે નહિ.
- સ્કૂલ વર્ધીના વાહનોમા ૧૨ વર્ષ સુધીના બાળકો માટે ૧ સીટ દીઠ ૨ બાળક બેસી શકે તેવી કાયદાકીય જોગવાઈ છે. આનાથી વધારે બાળકો બેસાડી બાળકોનું પરિવહન કરવાનું રહેશે નહિ.
- સ્કૂલ વર્ધી વાહનોમાં કોઈપણ મંજૂરી લીધા વગર ઝદ્રૃ અથવા ન્ંૃ ગેસ પર વાહન ચલાવવું ગંભીર ગુન્હો છે. જેથી આ સ્કૂલવર્ધી માટે વપરાતી ઓટોરિક્ષા વાહનમાં જો અધિકૃત CNG કે LPG કિટ ફીટ કરાવેલ હોય તો સદર વાહનના ઝદ્રૃ કે ન્ંૃ ટેન્કનું Gas Cylinder Rules-2016 ના નિયમ-૩૫ તથા IS: 15975 ની હાલની જોગવાઈ મુજબ ઝદ્રૃ વાહનમાં ઉપયોગમાં લેવાની ટેન્કને ૦૩ વર્ષ તેમજ ન્ંૃ વાહનોમાં ઉપયોગમાં લેવાતી ટેન્કને ૦૫ વર્ષે હાઈડ્રો ટેસ્ટ નિયમિત કરાવવી જરૂરી છે.

# કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલના માર્ગદર્શન અને પ્રેરણાથી સચિવાલયના અધિકારીઓ-કર્મચારીઓ માટે અર્બન હોર્ટીકલ્ચર અને કિચન ગાર્ડનની તાલીમ યોજાઈ

**સચિવાલયના ૧૦૦થી વધુ તાલીમાર્થીઓએ બે દિવસમાં અર્બન હોર્ટીકલ્ચરના મહત્વ અને અગત્યતા સહિતના વિવિધ વિષયોની તાલીમ મેળવી**

ગુજરાતમાં અર્બન હોર્ટીકલ્ચર અને કિચન ગાર્ડનને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જ કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ સચિવાલયના અધિકારી-કર્મચારીઓ માટે બાગાયત નિયામકની કચેરી દ્વારા બે દિવસીય અર્બન હોર્ટીકલ્ચર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં આશરે ૧૦૦થી વધુ અધિકારી-કર્મચારીઓએ અર્બન હોર્ટીકલ્ચર, પ્લગ નર્સરીજહોમ અને કિચન ગાર્ડનની તાલીમ મેળવી હતી. આ બે દિવસીય તાલીમ દરમિયાન તાલીમાર્થીઓને અર્બન હોર્ટીકલ્ચરના મહત્વ અને અગત્યતા, નવા સચિવાલય ઈકો ક્લબ, આદર્શ કિચન ગાર્ડન આયોજન અને વ્યવસ્થાપન, હાઈડ્રોપોનીક્સ પરિચય અને વ્યવસ્થાપન, માઈક્રોગ્રીન્સ નિદર્શન અને મહત્વ તેમજ ટેરરીયમના વિવિધ આયામો અંગે વિષય નિષ્ણાતો દ્વારા સવિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. બાગાયત નિયામકશ્રીએ પણ આ તાલીમમાં ઉપસ્થિત રહી, તાલીમાર્થીઓને અર્બન હોર્ટીકલ્ચર સહિતના વિષયો પર અમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતું. કિચન ગાર્ડન અને અર્બન હોર્ટીકલ્ચરમાં પ્રાકૃતિક કૃષિનો સમન્વય કરવા માટે પ્રાકૃતિક પદ્ધતિઓ, જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત અને મલ્ચીંગ જેવા પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો અને પદ્ધતિઓ અંગે વિસ્તૃત તાલીમ આપવામાં આવી હતી. આ સાથે જ તાલીમાર્થીઓને કેપિટલ નર્સરી, સેક્ટર-૮ ખાતે કિચન ગાર્ડનની પ્રેક્ટીકલ તાલીમ પણ આપવામાં આવી હતી.આઉપરાંતતાલીમાર્થીઓને વિવિધ સાધનોના ઉપયોગ, કમ્પોસ્ટ બનાવવાની રીત, કુંડા ભરવા અને મીડિયા તૈયાર કરવા, ઋતુવાર પાક પસંદગી અને તેની વાવેતર પદ્ધતિ તેમજ રોગ અને જીવાત નિયંત્રણ અંગે પ્રેક્ટીકલ તાલીમ આપવામાં આવી હતી. બે દિવસીય તાલીમના અંતે તાલીમાર્થીઓને બાગાયત નિયામકની કચેરી દ્વારા પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા.



**અર્બન હોર્ટીકલ્ચરમાં પ્રાકૃતિક પદ્ધતિના સમન્વય માટે જીવામૃત, ઘન જીવામૃત અને મલ્ચીંગ જેવા પ્રાકૃતિક કૃષિના આયામો અંગે પણ તાલીમ અપાઈ**

# "આપણી શાળા સલામત શાળા" અંતર્ગત નવસારી જિલ્લાના શિક્ષકો અને બાળકો માટે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

સ્વચ્છ હરિયાળી સલામત અને ટકાઉ શાળાના સંકલ્પ અંતર્ગત જિલ્લા કક્ષાની સક્ષમ શાળાની તાલીમ ચીખલી મુકામે રાખવામાં આવી હતી જેમાં સમગ્ર નવસારી જિલ્લાના ૮૦ શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી . "આપણી શાળા સલામત શાળા" તાલીમ અંતર્ગત શિક્ષકોને શાળા સલામતીના મુદ્દાના ભાગરૂપે ચીખલી કન્યાશાળાની મુલાકાત કરવામાં આવી જ્યાં બીલીમોરા નગરપાલિકાના ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું . જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.અરૂણકુમાર અગ્રવાલ દ્વારા "આપણી શાળા સલામત શાળા" વિશે સમજ આપી તમામ શાળાઓ બાળકો અને શિક્ષકોની સલામતી માટે ખૂબ જ ભાર મુક્યો હતો.તેમજ તકેદારી રાખી ફાયરને લગતી તમામ સુવિધાઓ અદ્યતન છે કે નહીં તેની શાળા શરૂ થયા પહેલા ચકાસણી સુનિશ્ચિત કરવા શાળાના શિક્ષકોને જણાવ્યું હતું. તેમજ કુદરતી આપત્તિ સમયે રાખવાની થતી સાવધાની તેમજ આ આપત્તિઓ દરમિયાન પોતાને અને અન્ય લોકોને સલામત કેવી રીતે રહેવું તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



# વલસાડ જિલ્લા તમામ બીઆરસી અને સીઆરસી કો-ઓર્ડીનેટરની સક્ષમ શાળા અંતર્ગત તાલીમ યોજાઈ

વલસાડ

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગના સમગ્ર શિક્ષા ગાંધીનગર ની પ્રેરણા અને યુનિસેફના સહયોગથી સમગ્ર શિક્ષા વલસાડ દ્વારા આયોજીત જીલ્લાના તમામ તાલુકાના બીઆરસી અને સીઆરસી કો-ઓર્ડીનેટર ની સક્ષમ શાળા અંતર્ગત બે દિવસીય તાલીમ બીઆરસી ભવન વલસાડ ખાતે યોજાઈ હતી. જેમાં સ્વચ્છતા, સલામતી, સ્થાયી, બાળકો માટે પાણી, શૌચાલય, આરોગ્ય રક્ષણ, હવા, જમીન, ઊર્જા, આબોહવા, જોખમ, સંરક્ષણ, સંચાલન, વર્તન વગેરે વિષયો ઉપર તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. તાલીમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર ડી.બી.વસાવાએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. સાથે જિલ્લા ઈજનેર, ટી આરપી, તેમજ તજજ્ઞ દ્વારા તાલીમમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ક્યુઈએમ કો. ઓ. અલ્પાબેન પટેલ દ્વારા તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતુ.



# ધરમપુરના તિસ્કરી તલાટમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતી અને પંચગવ્ય વિષય પર પ્રશિક્ષણ વર્ગ યોજાયો

**પ્રાકૃતિક ખેતી ન અપનાવવામાં આવે તો અસાધ્ય રોગો લોકોનો ભરડો લેશેઃ ડાયરેક્ટર ડી.એન.પટેલ**







**દેશી ગાય અને હોલેસ્ટીન ગાયના ગોબરની અસર પ્રેક્ટીકલ પ્રયોગ કરી બતાવવામાં આવી**

વલસાડ

ધરમપુરના તિસ્કરી તલાટ ગામમાં આવેલી શ્રી બંસીધર ગીર ગૌશાળા ખાતે વલસાડના આત્મા પ્રોજેક્ટના નેજા હેઠળ પ્રાકૃતિક ખેતી અને પંચગવ્ય ઉત્પાદન પ્રશિક્ષણ વર્ગ યોજાયો હતો. જેમાં ખેડૂતોને પ્રેક્ટીકલ શિક્ષણ આપવામાં આવ્યું હતું. સાંપ્રત સમયમાં પ્રાકૃતિક ખેતીની જરૂરીયાત અને રાસાયણિક ખેતીના દુઃષ્પરિણામ વિશે આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટર ડી.એન.પટેલે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. પ્રાકૃતિક ખેતીના પાંચ આયામો જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, આચ્છાદન અને વાફસા વિશે વિસ્તૃત જાણકારી સાથે બંસીધર ગીર ગૌશાળાના સંચાલક ઠાકોરભાઈ પટેલના ફાર્મ પર પ્રેકટીકલ નિદર્શન કરાવવામાં આવ્યું હતું.

પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રીપટેલે વધુમાં જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી નહીં અપનાવવામાં આવે તો અસાધ્ય રોગો જેવા કે, ડાયાબીટીસ, હાઈ બ્લડ પ્રેશર, હાર્ટ એટેક અને કેન્સરના રોગો વધારે લોકોનો ભરડો લેશે. મોટી સંખ્યામાં હાજર રહેલા ખેડૂતોને સમાજને બચાવવા માટે પ્રાકૃતિક ખેતી તરફ વળવા આહવાન કરવામાં આવ્યું હતું. બપોર પછીના સેશનમાં ગૌશાળાના સંચાલક અને જિલ્લાના શ્રેષ્ઠ પશુપાલક તેમજ જિલ્લા શ્રેષ્ઠ આત્મા ફાર્મર તરીકે સન્માન મેળવનાર ઠાકોરભાઈ પટેલે દેશી ગાય, દેશી ગાયના પાંચ ગવ્યોમાંથી બનતી પ્રોડક્ટ વિશે થિયરી અને પ્રેકટીકલ જ્ઞાન આપ્યું હતું. જેમાં ગોનાઈલ, ધૂપબત્તી, પંચગવ્ય માલીસ તેલ, પંચગવ્ય નસ્ય, પંચગવ્ય દર્દનાશક તેલ, પંચગવ્ય બામ, મોબાઈલ ચીપ, પંચગવ્ય શેમ્પુ, પંચગવ્ય હર્બલ સાબુ, પંચગવ્ય દંતમંજન, ગૌ અર્ક સહિત વાતનાશક તેલનો સમાવેશ થાય છે. પંચગવ્ય બનાવટ માટે જરૂરી વન્સપતિની ઉપલબ્ધતા અને પંચગવ્યના ફાયદા વિશે ઠાકોરભાઈએ વિસ્તૃત માહિતી આપી હતી. આ સાથે દેશી ગાય અને હોલેસ્ટીન ગાયના ગોબરની અસર પ્રેક્ટીકલ પ્રયોગ કરી બતાવવામાં આવી હતી. ગોબરથી બનેલી ચીપથી થતા ફાયદા વિશે પણ માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં માજી ધારાસભ્ય હીરાભાઈ આર. ચૌધરી, બિલપુડીની બીઆરએસ કોલેજના આચાર્યા કોમલબેન, તિસ્કરી તલાટ ગામના સરપંચ દિનેશભાઈ ભોયા સહિત ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ વનિતાબેન ઠાકોરભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

